वर्ष : १६ सने : २०२० सं.२०७६
अंक : ५, સળંગ અંક-१०२ कारतक-नवेम्बर

Published on Date 22 every month

# ધર્મદૂત (માસિક)

વર્ષ : ૧૬ સને ૨૦૨૦ સં.૨૦૭૬

અંક : ૫ કારતક/નવેમ્બર સળંગ અંક-૧૦૨

**: લેખક - પ્રેરક :**

જ્ઞાનનિધિ, ચારિત્રરત્ન, પૂજ્યપાદ

**પંન્યાસશ્રી પદ્મવિજયજી ગણિવરના**

પ્રથમ શિષ્યરત્ન પૂજ્યપાદ

ધર્મતીર્થપ્રભાવક, ગચ્છસ્થવિર,

અખંડબાલબ્રહ્મચારી, સિદ્ધાંતસંરક્ષક,

આચાર્યદેવ શ્રીમદ્

**વિજયમિત્રાનંદસૂરીશ્વરજી મહારાજા**

**: માનદ સંપાદક :**

**અને**

**: પત્ર વ્યવહાર :**

**જ્યોતીન્દ્રભાઈ જે. શાહ**



૩-બી, કંચનતારા એપાર્ટમેન્ટ,

જૈનનગર, સુવિધા શોપિંગ સેન્ટર પાછળ,

પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.

(M) 9824252978



**: લવાજમ :**

**વાર્ષિક રૂ. 151-00**

**આજીવન રૂ. 1000-00**

**પેટ્રન રૂ. 2000-00**


**આ અંકમાં.....**


★ પત્ર પરિમલ

★ પુનર્જન્મ

★ વાચનનું તારણ

★ આ અંકની લઘુકથા

★ અનુમોદનાનો અમૃતથાળ


## આર્ષવાણી

**विसृज्य सूर्पवद्दोषान्,**

**गुणान् गृहणन्ति साधवः ।**

**दोषरागी गुणत्यागी,**

**चालनीव हि दुर्जनः।।**

સૂપડાની જેમ દોષોનો (કચરાનો) ત્યાગ કરી સાધુ-સજ્જનપુરુષો ગુણોને ગ્રહણ કરે છે. જ્યારે દુર્જન ચાલણીની જેમ દોષનો રાગી (કચરાને રાખનાર) અને ગુણનો ત્યાગી (અનાજને - ગુણોને છોડનાર) હોય છે.

- ગુણોને

હિતકારી વાત હોય તો બાળક પાસેથી પણ ગ્રહણ કરવી. કચરામાંથી સોનું, નીચ માનવપાસેથી વિદ્યા (મંત્ર) અને દુષ્કુલમાંથી પણ સ્ત્રીરત્ન ગ્રહણ કરવું.





**આચાર્ય વિજયભવ્યદર્શનસૂરિ તરફથી**

મોક્ષાભિલાષી ભવ્યાત્મા **સંયમકુમાર** યોગ્ય ધર્મલાભ

દેવ - ગુરુ પસાયે સુખશાતા છે. બેંગલોરમાં તારી ઘણી રાહ જોઈ. મદ્રાસમાં પણ રાહ જોઈ, તું આવ્યો જ નહિ.

બે દિ' પૂર્વે તારો ફોન આવ્યો. તેં ફોનમાં આપેલા સમાચાર જાણ્યા. ૨૪-૨૫ લાખ વિદ્યાર્થીમાં 'સાઈકોલોજી' ના વિષયમાં તું પ્રથમ આવ્યો.... સંસારી જીવો માટે, ભૌતિકતાવાદી જીવો માટે તે સમાચાર ગૌરવપ્રદ ગણાતા હોય તેમાં નવાઈ નથી. પરંતુ મારી ભાવના તો ૨૪-૨૫ લાખમાં નહીં, ૫૦-૧૦૦ કરોડમાં પ્રથમ નંબર લાગે તેવી છે. તે પણ ભૌતિક ક્ષેત્રે નહીં, અધ્યાત્મના ક્ષેત્રે...! ભૌતિકક્ષેત્રે નંબર લાગવાથી કદાચ ૫-૫૦ વ્યક્તિને જ આનંદ થશે. બાકી યુનિવર્સીટીવાળાને પોતાનો સ્વાર્થ છે, માટે ભણાવવાનું આમંત્રણ આપે છે. તેમને આત્માની ચિંતા ક્યાં છે ? ભૌતિકતામાં આત્મા અને અધ્યાત્મની સેંડવીચ થાય છે, તેનો વિચાર ક્યાં છે ?

અધ્યાત્મના ભાવોમાં આગળ વધે તો; માત્ર માનવો જ કે જે સંખ્યાતા જ છે તે જ નહિ, અસંખ્ય દેવોય ખુશ થાય. અનંત સિદ્ધોની કૃપા તેના પર ઊતરે... બુદ્ધિ - ક્ષયોપશમનો તથા મળેલી તમામ શક્તિઓનો સદુપયોગ માત્ર આત્મા માટે જ કરવાનો છે... ભૌતિકક્ષેત્રે ચરમ ટોચ પર પહોંચેલા માનવમાં જેનો નંબર લાગે છે તે ચક્રવર્તી અંતે સાતમી નરકમાં ચાલ્યો જાય છે. કોણ ત્યાં તેનો ભાવ પૂછે છે ? આ બધું તારે ખાસ વિચારવાનું છે.

માનવનો જન્મ માત્ર સંયમની સાધના માટે જ છે, એમ વિચારી તારા નામને સાર્થક કરવાનું છે. તેમાં જ વાસ્તવિક ડહાપણ છે. ભૌતિક ક્ષેત્રે જ્યાં વિકાસ છે ત્યાં આત્માનો, આત્મગુણોનો - અધ્યાત્મનો વિનાશ છે, તે ભૂલીશ નહિ. જાતનું ખોઈને ગોપીચંદન તો ન જ કરાય. પરિવાર ને પૈસાના પ્રેમમાં તણાયેલાની શી હાલત થાય છે, તે શાસ્ત્રનાં પાનાંઓમાં સાક્ષાત્ જોવા મળે છે. દુનિયાનાં પદ - પ્રતિષ્ઠા પાપવગર ન જ મળે. સંયમધર્મ અંગેના પદ - પ્રતિષ્ઠા ધર્મ-પુરુષાર્થ વગર ન જ મળે. દુનિયામાં મળનાર પ્રતિષ્ઠા - પદ મળ્યા પછી પણ જીવ પાપના જ માર્ગે આગળ વધીને દુર્ગતિનો અતિથિ બને છે. દુર્ગતિનાં દ્વાર બંધ કરવાના ભવમાં દુર્ગતિનાં દ્વાર ઊઘડે તે તો કોઈ રીતે યોગ્ય ન જ ગણાય... વધુ તારો જવાબ આવ્યા બાદ.

પરિવારમાં સૌને ધર્મલાભ જણાવજે.

**દ.ભવ્યદર્શનસૂરિના ધર્મલાભ**

## ★ આચાર્ય વિજય ભવ્યદર્શનસૂરિ તરફથી

મોક્ષાભિલાષી ભવ્યાત્મા **સંયમકુમાર** યોગ્ય ધર્મલાભ. દેવ-ગુરુપસાયે સુખશાતા છે. તારો ભાવસભરપત્ર મળ્યો. તારો પત્ર આવશે તો મારો પણ પત્ર લખવાનો ઉત્સાહ વધી જશે. તાલી તો બે હાથે જ વાગેને ? ઘરાક માલ લેવા માટે જેટલો ઉત્સાહ બતાવે, વ્યાપારીને માલ બતાવવાનો અને વેચવાનો ઉત્સાહ સહજરીતે બેવડાઈ જાય. શ્રોતાઓ સારા હોય, ઉત્સાહી હોય, તત્ત્વની ભૂખવાળા હોય તો વક્તામાં આપોઆપ જોમ આવી જાય, સંભળાવવા માટે નવી નવી વાતો વિચારે - વાગોળે - ચિંતન - મનન કરે. ભિન્ન ભિન્ન ગ્રંથોનો ખજાનો એની સામે ખોલે.

જિનશાસનરૂપી બજારમાં તો દરેક પ્રકારનો માલ છે. રત્નો પણ છે... રત્નોનો વ્યાપાર થતો હોય તો પરચૂરણ - નાના વ્યાપારમાં હાથ કોણ નાખે ? એવા વ્યાપારમાં સમય કોણ બગાડે ? જૈનશાસનમાં તો આચાર્ય ભગવંતોને દક્ષ વ્યાપારી ગણાવ્યા છે. શાસ્ત્રજ્ઞાન અને બુદ્ધિનો પૂરો ઉપયોગ કરીને વ્યાપાર વધારવાની વૃત્તિવાળા હોય છે. ત્રણ રત્નોના વ્યાપારમાં સૌથી વધુ રસ હોય છે. રત્નત્રયીના વ્યાપારમાં ગુમાવવાનું કાંઈ જ નથી. પ્રોફીટ તો કલ્પનાતીત હોય છે. વળી, આ નફો ગ્રોથ પ્રોફીટ નહીં, નેટપ્રોફીટ ગણાય છે. આગની, ચોરીની, સડી-પડી જવાની ચિંતા રહેતી નથી. કાટ લાગતો નથી. ભાવ ડાઉન થતો નથી. હા, માત્ર એને પ્રમાદ નામના ચોરોથી બચાવવાનાં હોય છે. પ્રમાદ સિવાય આ રત્નોને નુકશાન પહોંચાડનાર કોઈ નથી. પાંચમાંથી એકપણ પ્રમાદ જો આપણી નબળાઈ જાણી ગયો તો તમામ કમાણી અલ્પસમયમાં જ લૂંટાઈ જશે.

અમને પણ મીઠા - મરચાના નહીં, રત્નના વ્યાપારમાં જ રસ છે. તારામાં રત્નો ખરીદવાનું - સાચવવાનું અને સંવર્ધન કરવાનું સામર્થ્ય દેખાય છે. માત્ર એમાં પરિવારાદિના મોહને ચેલેન્જ કરવાની છે. એ માટેનું સત્ત્વ વાપરવાનું છે. 'સત્ત્વ' ને અપેક્ષાએ ગુણોનો રાજા ગણાવ્યો છે. ભરહેસરની સજ્ઝાયમાં 'એમા-ઈ મહાસત્તા'... કહીને જણાવ્યું કે આ તમામ જીવો મહાસત્ત્વશાળી હતા. સાત્ત્વિક જીવો જ આવો પુરુષાર્થ કરી શકે. કાયરજીવો ડરીને ભાગી જાય. આ પણ એક સંગ્રામ છે. સંગ્રામમાં કાયરો ન ઊભા રહી શકે. લઢવાનું કૌવત તો ક્યાંથી દાખવી શકે ? કર્મના - પ્રમાદના સંગ્રામમાં કેસરિયાં કરવાનાં છે. એ માટે તારે કમ્મર કસવાની છે. સિંહ જેવું સત્ત્વ વાપરવાનું છે. સિંહ કોઈથી ન ડરે... પરંતુ તમામને ડરાવે... માટે જ તો તેને વનકેસરી કહેવાય છે. જંગલમાં હજારો મોટા મોટા હાથી વગેરે પ્રાણીઓ હોય.. પરંતુ સિંહ એકલો હોવા છતાં ડરતો નથી... બધાને ડરાવે - હંફાવે છે. તેવું પરાક્રમ તારે પણ વાપરવું પડશે, તો જ તારી ભાવના (સાથે મારી પણ ભાવના) સફળ થશે.પુણ્યનો રોલ પૂરો થયો.. હવે પુરુષાર્થને આગળ કરવાનો છે. સિંહની અદાથી આગળ વધે; એ જ મંગલકામના.

**દ. ભવ્યદર્શનસૂરિના ધર્મલાભ**

## ★ વાચનનું તારણ ★★★

દુનિયાભરમાં હિંસાએ માઝા મૂકી છે. રાત-દિવસ એમાં કૂદકે ને ભૂસકે વધારો જોવા મળી રહ્યો છે. એમાં પણ અમુક દેશો હિંસા માટે ખાસ પંકાયેલા છે. જેમાં ચીન લગભગ મોખરે છે. ત્યારબાદ જાપાન વગેરે ઘણા દેશો છે. ચીનની હિંસાને અમુક અપેક્ષાએ ગણીએ તો ભારતીય પ્રજા પણ સાથ-સમર્થન આપી રહી છે. એમાં મુખ્યત્વે પૈસા કારણભૂત છે. પૈસાના લોભમાં તણાઈને ભારતીય પ્રજા કેટલાક પ્રાણીઓને તે વેચે છે. તે જીવોને ચીનની પ્રજા હલાલ કરી ખોરાક રૂપ કે દવારૂપે, શોભારૂપે કે શોખરૂપે એનો ઉપયોગ કરે છે.

હાં, કેટલાક જીવોની ચોરી પણ થાય છે. બીજા જીવોની વાત બાજુએ રાખી માત્ર ગધેડાઓની વાત કરીએ તો દર વર્ષે ૪૬ લાખ ગધેડાની ચામડીની ચીનમાં 'ખપત' છે. આના ઉપરથી નક્કી થાય છે કે વર્તમાન વિશ્વમાં રોજ કેટલા જીવોની સ્વાર્થી માનવજાત દ્વારા અબોલ-મૂંગાં પ્રાણીઓની કત્લેઆમ થતી હશે ? હિંસાનું તાંડવનૃત્ય કેવું ચાલી રહ્યું છે ? આવી હિંસાના કારણે જ (દુષ્પ્રભાવે જ) કુદરતી કે માનવ સર્જિત મહામારી અને ધરતીકંપ - પૂર જેવા પ્રકોપો સર્જાય છે.

વાચકોને વિવેક પૂર્વક વાંચવા ભલામણ છે. - સંપાદક

## परंपरागत चीनी दवा के लिए मारे जा रहे भारतीय गधे

### ड्रैगन बना खतरा : देश में तेजी से घट रही गधों की संख्या

**नई दिल्ली : देश में तेजी से गधों की संख्या में कमी आ रही है । २०वीं पशुधन गणना के अनुसार २००७ और २०१९ के बीच भारत में गधों की संख्या में शुरुआती छह साल में २३% व इसके बाद २०१२ से २०१९ के बीच ६१.२३% की गिरावट आई । पशु कल्याण से जुड़े बूक इंडिया जैसे संगठनों का मानना है कि चीनी परंपरागत दवा 'इजिआओ' के उत्पादन के लिए भारत**

से हजारो गधों को बेचा और तस्करी करके ले जाया जा रहा है।

यही नहीं यह गिरावट भारत तक सीमित नहीं बल्कि पूरी दुनिया में गधों की संख्या बहुत तेजी से कम हो रही है । नवीनतम पशुगणना के अनुसार भारत में केवल १,२०,००० गधे है । चीन में 'इजिआओ' को गधों की खाल से बनाया जाता है । अपने घरेलू गधों की आबादी तेजी से गिरने के कारण चीनी इजिआओ उद्योग ने सक्रिय रूप से अन्य देशों की और गधों की तलाश शुरू कर दी है । इस दवा का इस्तेमाल एनीमिया जैसी बीमारियों के इलाज में किया जाता है । वैश्विक पशु कल्याण संगठन द डंकी सेंक्चुरी की ताजा रिपोर्ट के अनुसार चीनी इजिआओ उद्योग में सालाना लगभग ४८ लाख गधों की खाल की खपत होती है, जबकि चीन में वर्तमान में मात्र २६ लाख गधे हैं । ऐसे में इजिआओ उद्योग में दुनिया भर के गधों की खालों को खपाया जा रहा है । रिपोर्ट में कहा है कि दुनिया के कई समुदायों के लिए गधे गरीबी से बाहर निकलने का रास्ता है । उनका उपयोग पानी इकट्ठा करने, अस्पताल और बच्चों को स्कूल भेजने जैसे कामों के साथ बाजार तक माल पहुंचाने में किया जाता है ।

**राजस्थान पत्रिका, बेंगलोर दि.२४-१२-१९ मंगलवार**

વ્યસનના રવાડે ચડેલા, તેના યોગે પરિવાર-જ્ઞાતિ-ધર્મ વગેરેને નુકશાન પહોંચાડનાર તથા સ્વયં ધર્મથી વિમુખ બની રહેલા(મુખ્યત્વે) યુવાધનને બચાવવાનું કામ દિવસે દિવસે કપરું થતું જાય છે. ધનને બચાવવા કરતાં વધારે ચિંતાનો વિષય છેઃ યુવાધન.

ક્યાંક તમાકુ-ગુટકાથી, ક્યાંક બીડી-સિગારેટથી, કયાંક મોબાઈલથી, કયાંક દારૂ-ઈંડા જેવી ચીજોથી આ યુવાપેઢી એડિક્ટ બની ગઈ છે. તેના કારણે સંસ્કાર-સંસ્કૃતિ-વિનય-વિવેક વગેરે પાયાના ગુણો જ તરફડી રહ્યા હોય તેવું જણાય છે. પાયો જ જ્યાં હચમચી રહ્યો હોય ત્યાં ઈમારતની તો હાલત શું થાય? પાયાના ગુણોમાં સુરંગ મૂકાઈ ગઈ હોય તો આગળના ગુણરૂપ મકાનનું અસ્તિત્વ પૂરું જોખમમાં જ ગણાય ને?

આ યુવા પેઢીને, કિશોરોને તથા મોબાઈલની દૃષ્ટિએ ગણીએ તો બાળકોને પણ બચાવવાની વહેલી તકે જરૂર છે. બાળકો શાંત રહે તેવી ભાવના(?)થી નાનાં



કુમળાં બાળકોને મોબાઈલ આપી દેવામાં આવે છે. એના ભવિષ્યનો કોઈ વિચાર નથી આવતો. પરંતુ વર્ષો વીત્યાં પછી એના હાથમાંથી મોબાઈલ લેવાનું જ કાર્ય મુશ્કેલ બની જાય છે. એનો ચસ્કો લાગી ગયા પછી તેના વગર એ રહી શકતો નથી... તેના કુમળા માનસ પર એની શી અસર પડે છે તે શરૂઆતમાં વિચારતા નથી. જાગ્યા ત્યારે મોડું થઈ ગયું હોય છે. આવી સ્થિતિમાં પાણી પહેલાં પાળ બાંધવાની વાત જે ધર્મ અને નીતિશાસ્ત્રકારો કરે છે, તે રસ્તો અપનાવાય તો બચેલા જીવોને તો ઉગારી શકાય .. નવાં વ્યસનથી તો બચી જાય-બચાવી શકાય.

આ માટે યોગ્ય ઉપાયો બધા જ અપનાવશે તો વ્યવહાર અને ધર્મ બંનેને બચાવી શકાશે. નહીંતર કેટલો વિનાશ થશે, તેની કલ્પના કરવી મુશ્કેલ છે. વાંચો એના અનર્થો અને કદમ ઉઠાવો. આગથી ઉગરવા માટે... - સંપાદક

## झूठा है दावा, ई-सिगरेट से भी होता है उतना ही नुकसान

### डबल्यूएचओ की रिपोर्ट : तंबाकू उद्योग, तंबाकू नियंत्रण के लिए अपनाए जा रहे कदमों के खिलाफ

जेनेवा : ई-सिगरेट और पारंपरिक सिगरेट पीने से होने वाले नुकसान एक जैसे है, सबसे बडा अंतर यह है कि इलेक्ट्रोनिक सिगरेट में कोई स्पष्ट धुआं नहीं है । विश्व स्वास्थ्य संगठन ने अपनी रिपोर्ट में कहा है कि इलेक्ट्रोनिक सिगरेट जैसे उत्पादों के प्रचार पर आसानी से विश्वास न करें ।

डब्ल्यूएचओ तंबाकू नियमंत्रण अधिकारी विनायक प्रसाद ने बताया कि जोर देते हुए कहा कि इलेक्ट्रोनिक सिगरेट बाजार के पर्यवेक्षण को मजबूत करना चाहिए जो जबल्यूएचओ का एक स्पष्ट लक्ष्य भी है। इलेक्ट्रोनिक सिगरेट से होने वाला नुकसान कम है, यह तंबाकू कंपनियों के प्रचार की एक रणनीति है । संगठऩ ने २०१९ वैश्विक तंबाकू महामारी रिपोर्ट में बाताया कि लंबे समय में तंबाकू उद्योग, नियमंत्रण के लिए अपनाए जा रहे कदमों के खिलाफ काम कर रहा है । कई उद्योगो का कहना है कि पारंपरिक सिगरेट के बदले इलेक्ट्रोनिक सिगरेट सुरक्षित है और ये सिगरेट पीने के आदत छोडने में मदद करता है ।

प्रमाण के अनुसार अमेरीका समेत कई देशों के ई-सिगरेट तेजी से लोकप्रिय हो रही है । भारत सरकार ई-सिगरेट को ड्रग्स मानते हुए देशभर में प्रतिबंधित करने की योजना पर काम कर रही है । ऐसा इसके स्वास्थ्य पर पड़ने वाले खतरनाक असर को देखते किया जा रहा है । असल में ई-सिगरेट गैर-लाइसेंस वाले प्रोडक्ट है, जिसे एक ऐसे पोडक्ट के रूप में बेचा जाता है, जो लोगों के स्मोकिंग छुडाने में मदद करते है । भारत में ई-सिगरेट के ४६० ब्रांड मौजूद है। जिसमें ७,७०० से भी ज्यादा फ्लेवर की ई-सिगरेट मिलती है । ७ हजार घटक सिगरेट के धुएं के साथ शरीर में जाते है । शरीर में, ७० घटक माने जाते हैं कैंसर के कारक सिगरेट के धुएं में । लाभ के सबूत नहीं, डब्ल्यूएचओ के मुताबिक इसके पर्याप्त सबूत नहीं है कि ई-सिगरेट पीने से कोई लाभ है । अमेरीकी खाद्य और औषधि प्रशासन ने हाल के वर्षों में इसकी बिक्री पर नियमंत्रण के लिए कई उपाय बताए हैं ।

- राजस्थान पत्रिका (बेंग्लोर) ता.३०-७-२०१९ मांथी साभार

## ★ पान मसाले में ४० तरह के पाए गए जानलेवा केमिकल ★★★

**शोध और जांच में खुलासा**

लखनउ.

पान मसाला अब और भी खतरनाक हो गया है । देश के दस बडे पान मसाला ब्रांड्स की जांच में इस बात का खुलासा हुआ है । खास बात यह है कि इनमें सात ब्रांड कानपुर के ही है । यानि कानपुर से ही यह सब को बाटा जा रहा है । यह पान मसाला खाने वाले गंभीर बिमारीयों के शिकार बन रहे है। इसकी वजह है पान मसाले में मिलाया जाने वाला घातक केमिकल । यह केमिकल शरीर के लिए जहर के समान है ।

लत डालने के लिए दस गुना ज्यादा केमिकल की मिलावटः

लोगों को पान मसाले के स्वाद का लती बनाने के लिए मैग्नेशियम कार्बोनेट जैसे खतरनाक केमिकल को दस गुना ज्यादा मिलाया जा रहा है ।



छोटी सी पुडिया में ४० तरह के केमिकल मिलाए जा रहे है । इसे मिलाने से मसाले की उम्र बढ जाती है । ये मसाले दूसरे जानलेवा केमिकस का कसेलापन दबाकर उसे निगलने में आसान बनाता है । धीरे-धीरे यही केमिकल पान मसाले की आदत डाल देता है । पान मसाले में मिलाया जाने वाला मैग्नेशियम कार्बोनेट चूने से मिलता-जुलता रासायनिक पदार्थ है ओर घोषित रूप में कैंसर को सीधे न्योता देने वाला केमिकल है । जांच में इसकी मात्रा पान मसाले के पाउच में दो से चार प्रतिशत तक पाई गइ है । इसे लगातार खाने से धीरे-धीरे मुंह कम खुलने लगता है और कैंसर की स्टेज शुरू हो जाती है । फिर चुपके से किडनी और लिवर को भी संक्रमित कर देता है । एक पुडिया में मिलने वाले चालीस केमिकल आपस में प्रतिक्रिया करके ३०९६ से ज्यादा केमिकस बना लेते है । यही हानिकारक तत्त्व मिलकर हमारे मुंह की सुरक्षा परत को ध्वस्त कर कैंसर को जन्म दे रहे है ।

इंटरनेशनल जर्नल ऑफ करंट फार्मा के रिसर्च में यह खौफनाक तस्वीर सामने आइ है ।

**– રાજસ્થાનપત્રિકા, બેંગલોર, તા. ૧૦–૮–૨૨૦૧૯માંથી સાભાર**

## ★ પુનર્જન્મ ★★★

**૧. બકરીનું બચ્ચુ બોલે છે !**

માણસની માફક બોલતાં એક બકરીના બચ્ચાનું ચિત્ર ગઈ કાલે રાવળપીંડીના દૈનિકપત્રે પ્રગટ કર્યું હતું.(કરાચી ૨૧-૧-૬૩)

તમીર પત્રના જણાવ્યા પ્રમાણે અદરૂદ્દીને આ બચ્ચું હલાલ કરવા માટે ખરીદ્યું હતું. પરંતુ જ્યારે તેના ઉપર છરી મૂકી, ત્યારે બકરીનું બચ્ચું ઉર્દુમાં બોલી ઉઠ્યું કે 'ચલે જાવ, ચલે જાવ.' જેથી બદરૂદ્દીને ગભરાઈને તે બકરીના બચ્ચાને જીવતું રહેવા દીધું. (મુંબઈ સમાચાર) ગત **જન્મના સ્મરણ વગર આ કઈ રીતે શક્ય બને?**

**૨. ઔરંગઝેબ અને પુનર્જન્મ !**

સામાન્યતઃ મુસ્લીમો પુનર્જન્મમાં માનતા નથી. પરંતુ નિર્દય શહેનશાહ છતાંય ધર્મવિદ્ એવા ઔરંગઝેબે 'શાહનામા'માં એવું વિધાન કર્યું છે કે, પુનર્જન્મના કેટલાક અહેવાલોની સત્યતા વિષે તેમણે જાતે ચોકસાઈ કરી છે.(જયહિન્દ અહેવાલ)

### ૩. જેનું ખૂન થયું છે, એવા માનવીનો પુનર્જન્મ

(તૂર્કીનો એક અદ્‌ભુત કિસ્સો)નવી દિલ્હી. ૨૮-૧૨-૬૨

'ઈસ્માઈલ બેટા, અહીં આવ તો'! ૩૫ વર્ષની વયના એક માણસે હેતથી બોલાવ્યો. પણ ઈસ્માઈલ લેશ ડગ્યો નહિ. ફરી પેલા માણસે કહ્યું કે, 'ભાઈ ઈસ્માઈલ' ! એટલે ઈસ્માઈલ લાલ ચોળ થઈ ગયો. તપી જઈને તેણે બરાડો પાડ્યો; 'મને ઈસ્માઈલ કેમ કહો છો ? મારું નામ ઈસ્માઈલ નથી, મારું નામ આબિત છે, આબિત' !

તૂર્કીના અડાનમાં રહેતા સાત વર્ષની વયના એક બાળકનો પ્રથમ પરિચય; એક ભારતીય માનસશાસ્ત્રીને, આ રીતે કરાવ્યો હતો. આ બાળક રમકડાં રમવાનો ઈન્કાર કરે છે. પરંતુ આજથી સાત વર્ષ પહેલાં જેનું ખૂન થયું હતું, એવા માણસનું જીવન જીવવાનું તેને ઘણું ગમે છે. તે આબિતનો અવતાર હોવાનું મનાય છે.

ભારતીય માનસશાસ્ત્રીનું નામ પ્રો. એચ. એન. બેનરજી, આ કિસ્સાનો અભ્યાસ કરવાનું ખાસ કાર્ય વરજિનિયા યુનિવર્સિટીએ તેમને સુપરત કર્યું હોઈ, તેઓ તર્કી જવા ઊપડી ગયા છે. આ કિસ્સાની સમીક્ષા એપ્રિલ મહિનામાં વરજીનિયા યુનિવર્સિટી સંમેલનમાં થનારી છે.

પ્રો. બેનરજી ઈસ્માઈલને આબિતના ઘેર લઈ ગયા. આ પછી ત્યાં સર્જાયેલું દૃશ્ય હર કોઈને પણ હલાવી નાખે એવું હતું. ૫૦ વર્ષની વયની હેટીસને જોતાં ઈસ્માઈલ ધ્રૂસકે ધ્રૂસકે રોઈ પડ્યો તે બબડ્યો, 'ઓ મારી ખેડૂત પત્ની '! હેટીસ પણ ચોંધાર આંસુએ રડી પડી હતી.

ઈસ્માઈલ રાત્રે ઘણીવાર પોતાની પથારી પરથી કૂદી પડે છે અને બરાડા પાડે છે; 'મારા બાળકો મારે જોવાં છે. મારી દીકરી ગુલસહીન ક્યાં છે?' ઈસ્માઈલ રહે છે, ત્યાંથી આશરે ત્રણ માઈલ દૂર આવેલા સ્વ. આબિતના ઘરમાં હેટીસન સાથે ગુલસહીન રહે છે.

ઈસ્માઈલે એક દિવસ તેના કાકાને કહ્યું કે, 'અત્યાર લગી તો તમે મારી વાડીમાં કામ કરતા હતા અને મને રાકી(કેફી પીણું) પાતા હતા.' આ વાત પહેલ વહેલા સાંભળી તેના મા-બાપ ચમકી ગયાં હતાં.

આ વાત સાંભળી ત્યારે તેના કાકા મહમજ અલ્ટીન્કીલિક અવાચક્ બની ગયા હતા. આ કાકા આબિતની શાકભાજીની વાડીમાં કામ કરતા હતા અને આબુતની સાથે રાકી પીતા હતા.



ઈસ્માઈલે પ્રો. બેનરજીને કહ્યું કે, મારા એક નોકર રમઝાને મને કહ્યું કે તમારો ઘોડો એક પગે લંગડો ચાલે છે. હું તબેલામાં ગયો અને ઘોડોના પગને તપાસવા વાંકો વળ્યો, તેવો જ રમઝાને મારા પર લોખંડના સળિયાનો પ્રહાર કર્યો હતો. પોલીસના દફતરમાં એ પ્રમાણે નોંધ છે. મતલબ, એનું ત્યાં ખૂન કરાયું હતું.

અમેરીકી અને ભારતીય વિજ્ઞાનીઓની ટીમના અભ્યાસ માટે આવા ભારતના ૮૦ કીસ્સા પસંદ કરાયા છે. (પ્રતાપ ૩૦-૧૨-૬૨)

### ૪. ૪ વર્ષનો બાળકશેતરંજ સમ્રાટ

(મોસ્કો. ૨૭-૧૦-૬૩ રોઈટર) ચાર વર્ષની ઉંમરનો જ્યોર્જિયન બાળક ઝુરાખ સોપીઆ શેતરંજની રમતમાં ભલભલાને હરાવે છે, એમ અત્રેના એક પત્રે જણાવ્યું હતું. આ પૂર્વના સંસ્કારથી શક્ય બને છે.

આ બાળક પોતાની રમત વધુ સારી બનાવી શકે તે માટે ભૂતપૂર્વ વિશ્વ ચેસ ચેમ્પીયન મિયાઈલ બોટવીને તેની મુલાકાત લીધી હતી. (મુંબઈ સમાચાર.- ૨૮-૧૦-૬૩)

### ૫. પૂર્વભવનો ગણિત શાસ્ત્રી !

અમરેલીઃ- ૨૨-૧૦-૬૨ પરબત નામનો સાત વર્ષનો ખેડૂત પુત્ર કે જે શાળામાં દાખલ કર્યાને ભાગ્યે જ છ માસ થયા હશે. જેને કક્કા બારાખડીનું પણ પૂરું જ્ઞાન નથી. તેવો આ મોટા આંકડીયા ગામનો એક ખેડૂતનો સગીર છોકરો ગણિત અને લેખાનો ભારે જાણકાર નિવડ્યો છે. આ સાત વર્ષના છોકરાના ગણિતથી કેળવણીકારો અને વહીવટી તથા બીજા મોટા અધિકારીઓ ભારે પ્રભાવિત થયાના સમાચાર મળે છે. પૂર્વભવના તેવા અભ્યાસ વગર આ કઈ રીતે બની શકે?

આ છોકરાને ગણિતની પરીક્ષા માટે થોડા વખત પહેલાં તેને અમરેલી જીમખાના ક્લબના મેમ્બરો સમક્ષ રજૂ કરવામાં આવેલ, એને મોઢેથી સંખ્યાબંધ પ્રશ્નો પૂછવામાં આવતાં, ડોક્ટરો અને કેળવણીકારો તથા જિલ્લા કક્ષાના અધિકારીઓ આશ્ચર્ય પામ્યા હતા.

સેંકડો, હજારો, લાખો, કરોડો અને અબજોના હીસાબો કરવામાં કેળવણીકારોને પાટીઓ, કાગળો ઉપર સરવાળા, બાદબાકી, ગુણાકાર અને ભાગાકાર કરવા માટે કલાકો જોઈએ, તે હિસાબો આ છોકરો સેકન્ડોમાં કરી આપતો ! (ગુજરાત સમાચાર. ૨૪-૧૦-૬૨)

## ૬. પૂર્વભવ કહેતી ચાર વર્ષની બાળા !

એક ૪ વર્ષની રાજુને એક વખત પાટણમાં જોગીવાડે શ્રી પાર્શ્વનાથ ભગવાનના દર્શને લઈ ગયા હતા. ત્યારે તેને પૂર્વભવની સ્મૃતિ થઈ અને કહેવા લાગી કે 'હું ગયા ભવમાં પાટણમાં હતી ત્યારે દરરોજ આ ભગવાનની પૂજા કરવા આવતી હતી. મારે એક બાબુભાઈ નામે ભાઈ હતા. અમારે ત્યાં ઘણા પૈસા હતા. પાટણમાં ચાંદીની દુકાન હતી. મુંબઈમાં મોટી પેઢી હતી. વળતાં રસ્તામાં એક મકાન બતાવ્યું કે આ મકાનમાં રહેતા હતા. પછી તેની પરીક્ષા કરવા માટે ૧ માઈલ દૂર પંચાસરા પાર્શ્વનાથ પાસેથી સાધ્વીજી મહારાજે કહ્યું કે મને જોગીવાડે પાર્શ્વનાથ ભગવાનના દર્શન કરવા છે. રસ્તો બતાવીશ? રાજુએ હા પાડી અને બરોબર જોગીવાડે લઈ ગઈ. પછી પાટણમાં બીજા દેરાસરે દર્શન કરવા જવું હોય તો ટપો કહે તો જાય નહિ તો ના પાડે. ફક્ત જોગીવાડે પગે ચાલીને જતી.

રાજુ આ પુસ્તકના સંપાદકને શ્રી શંખેશ્વરજીમાં મળી હતી. ત્યારે જેમ પીઢ વ્યક્તિ સામાયિક આદિ ધર્મ ક્રિયા કરે તેમ કરતાં જોઈને, તપાસ કરતાં ઉપરની હકીકત જાણવા મળી. સં. ૨૦૧૭માં.

## ૭.અદ્‌ભુત ભાષણ શક્તિ !

માલાગાવઃ અહીં નારાયણચન્દ્ર ઘોષ નામનો છ વર્ષનો એક બાળક આવ્યો છે. બાળકની ભાષણ આપવાની છટા અને શૈલી, તથા બુદ્ધિ જોઈ લોકો ચકીત થઈ જાય છે. આ બાળક બંગાલી, સંસ્કૃત, અંગ્રેજી, ઉર્દુ, હિન્દી ઉપરાંત અરબી જાણે છે. કુરાને શરીફના પાઠ કરી શકે છે. તેણે ઉર્દુ, હિન્દી અને બીજી ભાષાઓમાં બે ચાર કાર્યક્રમ રેડિયો પર આપ્યા છે. તેને તમે જે વિષય આપો તેના પર આ છોકરો સરળતાથી બોલી શકે છે.

આસામ સરકારના નાણા પ્રધાન શ્રી ફખરૂદ્દીન, બાળકના મુખેથી શુદ્ધ કુરાનનો પાઠ સાંભળી આશ્ચર્યચકીત થવા સાથે હર્ષવિભોર થઈ ગયા હતા. ઘણા મોટા અધિકારીઓએ આ બાળકની મુલાકાત લીધી છે. તેઓ તેના અનેક વિષય પર ભાષણ સાંભળી ખૂબ જ પ્રસન્ન થયા હતા. આ માત્ર છ વર્ષના છોકરાની આવી કુશાગ્ર બુદ્ધિ અને તેનું તેજસ્વી શરીર જોઈ લોકો તેને અવતાર સમજી રહ્યા છે. બંગાલ, આસામ અને બીજા પ્રદેશોમાં પણ આ બાળકની ચર્ચા થઈ રહી છે. (જનશક્તિ ૨૩-૯-૬૨)



## ૮. વાંદરાની બોલી બોલતો માનવી !

વાંદરાઓ સાથે 'તેમની' ભાષામાં વાત કરી શકવાનો દાવો કરનાર માણસને ટે'કાસી ગામના માણસોએ પોતાના ઉદ્ધારક તરીકે આવકાર્યો છે. (મદ્રાસ ૮-૩-૬૩)

વાત એમ હતી કે કોર્ટલ્લામ નજીકના આ નાના ગામમાં વાંદરાઓનો ભારે ત્રાસ હતો. એક દિવસ પાસેના ગામમાંથી એક માણસ આવી ચડ્યો હતો અને વાંદરાઓને વિચિત્ર ભાષામાં બૂમ મારી હતી. વાંદરાઓ ભેગા થયા હતા. તેની સાથે તે હસતો હતો અને બોલતો હતો. આ પછી તેણે બધા વાંદરાઓને એક મોટરટ્રકમાં ભેગા કર્યા હતા અને તેમને દૂર લઈ જઈ મૂકી આવ્યો હતો. પંચાયતે આ માણસને તેની સેવા માટે રૂ.૧૦૮૦ આપ્યા હતા. (મુંબઈ સમાચાર ૯-૩-૬૨)

પૂર્વભવમાં વાંદરો હોય તો જ આ સંભવિત થાય... આ ભવમાં જાતિસ્મરણ જ્ઞાનથી એ ભવની ભાષા બોલી શકે..

## ૯. ૩૦ મણ ભાર ઊંચકતો આઠ વર્ષનો બાળક !

મોસ્કો, તા. ૨૪ માર્ચ,૬૩(રોઈટર)

૮ વર્ષનો બાળક ૩૦ મણ વજન ખેંચી શકે છે, એ જાણીને કદાચ નવાઈ લાગશે ! પરંતુ તે સત્ય છે ! વીત્યા પોગ્રેબન્ચુક નામનો આ બાળક ૪ ફૂટ અને ૧૦ ઈંચની ઉંચાઈ ધરાવે છે. અને તેનું વજન ૧૫૪ રતલ છે. રશિયાના યુક્રેન પ્રાંતમાં તે રહે છે. (મુંબઈ સમાચાર)

## ૧૦. કૂતરો ઉપવાસ કરે છે !

નવસારી : ૫-૪-૬૩ અહીંના પારસીવાડમાં રહેતા શ્રી રૂસ્તમજી બહેરામજી નામના પારસી પાસે બારથી ચૌદ વરસની વયનો એક 'જેક' નામનો કૂતરો છે. એ કૂતરો દર મંગળવારે નિરાહાર ઉપવાસ કરે છે ! એ કૂતરાની કેટલીક ટેવો એમના માલિક પાસેથી જાણવા મળી છે. બે ફૂટ લંબાઈ અને સવા ફૂટ ઊંચાઈ ધરાવતા આ કૂતરાને આઈસ્ક્રીમ અને ફળો બહુ ભાવે છે. નવાઈની વાત એ છે કે આ કૂતરો દેશી ઓલાદનો છે અને શુદ્ધ શાકાહારી છે. અને મનુષ્યની પેઠે મચ્છરદાનીમાં એને નાના પલંગ પર સુવડાવવામાં આવે છે. (મુંબઈ સમાચાર ૫-૪-૬૩)

## ૧૧. માનવી ભાષા સમજતો સર્પ !

માનો કે ન માનો પણ માનવીની ભાષા સર્પ સમજે છે, એવો એક બનાવ નોંધાયો છે અને એ પ્રસંગ ભારતમાં ગોંદીઆથી ૧૨ માઈલ દૂર આવેલ ખોરગામ ખાતે બન્યો છે. ગામની બહાર સાપના રાફડા પાસે ગામનો ચઈતરામ ગોંડ નામનો યુવાન ગયો. યુવાને કહ્યું અને એના આશ્ચર્ય વચ્ચે સર્પે બહાર આવીને ફેણ કરી.

યુવાનની વિનંતીથી સર્પ પાછો રાફડામાં ગયો. ફરીથી યુવાને સર્પને બહાર આવવા કહ્યું. સર્પ બહાર આવ્યો. યુવાને ધરેલું દૂધ પીધું અને યુવાનની હથેળી ચાટી પરંતુ સર્પે યુવાનને દંશ ન દીધો. થોડી વાર પછી સર્પ રાફડામાં ચાલ્યો ગયો! યુવાન અને લોકો આશ્ચર્ય વ્યક્ત કરતા રહ્યા કે આ તે કેવો બનાવ !

(જન શક્તિ ૨૧-૪-૬૩)

## ૧૨. પુનર્જન્મના સિધ્ધાંતને સ્વીકરતા વિદ્વાનો !

૧. 'ઇમરસન' કે, જે ઇંગ્લાંડનો એક નામાંકિત વિદ્વાન થઈ ગયો છે, તે જીવનને સીડીની ઉપમા આપતાં લખે છે કે, 'એવી સીડી ઉપર છે અને નીચે પણ છે. કોઈ વાર આપણે ઉપર ચડીએ છીએ અને કોઈ વાર નીચે ઊતરીએ છીએ.'

૨. 'એરિસ્ટોટલે' લખેલું છે કે, 'જીવ પોતાના માટે હંમેશા નવાં નવાં વસ્ત્ર બનાવતો રહે છે.' (1. Reincarnation by walker P.23. 2. P.27)

૩. 'ઓરિજીન' (Origin) જે ક્રિશ્ચિયન વિદ્વાન ઈસ્વીશનના શરૂઆતમાં થઈ ગયો, તેણે લખ્યું છે, 'જે આત્માઓને શરીર આપીને આ દુનીઆમાં મોકલવામાં આવે છે, તે જે અપરાધ કરે છે, તેથી તેની હવે પછીની જન્મની અવસ્થા બગડે છે, એની વર્તમાન અવસ્થા પણ પૂર્વ કર્મોનાં કારણમાં છે.' (ઉપરનું પુસ્તક પેજ ૨૩૬-૩૭)

૪. ઓવિડ (Ovied) નામના વિદ્વાને પાઈથા ગોરાસ પર કવિતામાં લખ્યું છે, કે 'મૃત્યુને પુરાણી માતા તરીકે આલેખતાં, તે હંમેશા નવા નવા સ્વરૂપમાં પ્રકટ થાય છે.' (D.T.)

૫. રોમના પાદરીઓ નોમિસિઅસ, સાઈનસિઅસ, હેલેરિઅમ, પણ ખુલ્લી રીતે પુનર્જન્મના સિદ્ધાંતનું સમર્થન કરતા હતા. (ઉપરનું પુસ્તક (P.237))



## ★ આ અંકની લઘુકથા ★★★

**શ્રી ધર્મમિત્ર**

ગુજરાતના ગૌરવસ્થાન સમી અને જિનમંદિરો - જૈનોથી શોભતી પાટણનગરી. તે સમયે પરમાર્હત્ કુમારપાળ મહારાજાનું પ્રતાપી રાજ્ય શાસન ચાલતું હતું. રાજા માત્ર રાજ્ય માટે જ પ્રતાપી નહોતા, સાથે સાથે ધર્મ કરવામાં એટલા જ પ્રતાપી હતા. રોજ તેઓ બે - બે સામાયિક કરતા. સંખ્યાબંધ શ્રાવકો સાથે પૂજા-ભક્તિ કરતા હતા. સ્વાધ્યાય પણ એવો જ કરતા.

જ્યારે તેઓ સ્નાત્ર - પૌષધ આદિ કરતા ત્યારે એક હજાર આઠસો શ્રેષ્ઠીઓ તેમની સાથે સહાયમાં રહેતા. સામાન્ય સ્થિતિમાં રહેલા એ શ્રાવકોને શ્રેષ્ઠી બનાવનાર આ કુમારપાળ રાજા જ હતા. મતલબ, એમને આર્થિક રીતે સદ્ધર બનાવનાર રાજા કુમારપાળ હતા, તેમ ધર્મમાં પણ આગળ વધારનાર તે જ રાજા હતા. શ્રાવકો પાસેથી દર વર્ષે લેવાતો ૭૨ લાખનો કર રાજાએ માફ કરી દીધો હતો ! જીવ માત્રની દયાની પ્રતિષ્ઠા કુમારપાળ રાજાના હૃદયમાં ગુરુ ભગવંતે એવી કરી હતી કે જેના કારણે તથા સાધર્મિક ભક્તિની વાત દિલમાં એવી ઠસાવી દીધી હતી કે તેના પ્રભાવે જીવદયા - ભક્તિ માટે બધું જ કરવા તે તૈયાર હતા.

નબળી સ્થિતિવાળો કોઈપણ સાધર્મિક આવે તો તેને આ રાજા એક હજાર દીનાર આપતા. એ પ્રમાણે દર વર્ષે એક કરોડ રૂપિયાનો સદ્વ્યય તો માત્ર સાધર્મિક ભક્તિમાં કરતા. આવા ધર્મ માર્ગે ૧૪ વર્ષ કુમારપાળના વીત્યાં... તેથી તે જમાના પ્રમાણે ચૌદ કરોડ રૂપિયા તો માત્ર સાધર્મિક પાછળ વાપર્યા... એ રીતે વિચારીએ તો સાતે ક્ષેત્ર - જીવદયા - વગેરે કોઈ ક્ષેત્રમાં કમીના નથી રાખી. કરોડોનું સુકૃત કર્યું હતું.

એક વાર એક માહેશ્વરી વાણિયાએ દાણચોરી કરી. આ વાતની જાણ તેના અધિકારીને થઈ. દુષ્ટોને દંડ અને સજ્જનોનું સન્માન એ સારા રાજ્ય - રાજાની નિશાની છે, તેથી તે વાણિયાને દોરડાથી બાંધીને માર મારતાં તેને રાજાકુમારપાળ પાસે હાજર કર્યો. વાણિયાને લાગ્યું કે હવે જીવવાનો બીજો કોઈ જ ઉપાય નથી. બુદ્ધિથી માર્ગ શોધવા લાગ્યો. એક રસ્તો - ઉપાય મળી ગયો. તેને યાદ આવ્યું કે - શ્રાવકો જિનેશ્વર દેવની પૂજા કરવાના સમયે ઉદર - ઉરસ્થળ - કંઠ - કપાળ - કાને તિલક કરે છે. આ વાણિયાએ પણ જતી વખતે તેવાં જ કેસર મિશ્રિત ચંદનનાં તિલક કરી લીધાં.

રાજા પાસે એ વણિક-ગુનેગારને હાજર કરતાં રાજસેવકોએ કહ્યું: હે પૃથ્વીપતિ! આ વણિકે રાજ્યના નિયમોનું ઉલ્લંઘન કરીને દાણચોરી કરી છે. હવે તેને કઈ સજા કરવી ? એક બાજુ આ ગુનેગાર સજાના ભયથી કાંપી રહ્યો છે. બીજી બાજુ રાજાની નજર તેના મુખ ઉપર ગઈ. કોણ છે ? તેના કપાળ પર નજર જતાં જ રાજાએ વિચાર્યું. આ તો વીતરાગ પરમાત્માની ભક્તિ કરનારો શ્રાવક જણાય છે. શ્રાવકનો કર (ટેક્ષ) લેવાનાં મારે પચ્ચક્ખાણ છે. આ કારણે આ શ્રાવક નિરપરાધી છે, આમ વિચારી રાજાએ તેને બંધનોથી મુક્ત કરાવ્યો. દ્રવ્યથી માત્ર તિલક કરવાથી પણ કેટલો લાભ થયો. શ્રાવક ન હોવા છતાં શ્રાવક માનીને રાજાએ તેને મુક્ત કરી દીધો.

તે સમયે રાજસેવકોએ વાસ્તવિકતા રજૂ કરતાં કહ્યું : હે રાજન્ ! આ હકીકતમાં શ્રાવક નથી. અભક્ષ્યનું ભક્ષણ વગેરે કરનારો માહેશ્વરી વણિક છે. સજાથી બચવા માટે તેણે આ ઉત્તરાસંગ અને તિલક કર્યાં છે. માત્ર ડોળ કરી રહ્યો છે. શ્રાવકનો વેષ ધારણ કરી ટીલાં - ટપકાં કરી આપને પણ ખોટા માર્ગે દોરી રહ્યો છે. ભ્રમની જાળમાં નાખી રહ્યો છે. આ ગુનેગારને છોડવા જેવો નથી.

રાજાએ જણાવ્યું: આ વણિક તર્જના કરવા યોગ્ય નથી. તે ધન્ય અને કૃતપુણ્ય છે. એવું ન હોય તો તેના કપાળમાં તિલક જોઈને મને મારા મનમાં આ પરમાત્મભક્ત શ્રાવક છે, એવો વિચાર - ભાવ કઈ રીતે આવે ? મેં તેને મુક્ત કરી દીધો છે, તેને પોતાને ઘરે જવા દ્યો.

તે માહેશ્વરી વાણિયો શ્રાવકના વેષની પ્રશંસા કરતો; જૈન રાજા કુમારપાળને નમસ્કાર કરી પોતાને ઘેર ગયો. માટે જ કહ્યું કે -

**साधर्मिकस्वरूपं यत्, व्यलीकमपि भूभृता ।**

**सन्मानितं सभायां तत्, तर्हि सत्यस्य का कथा ? ।।**

અર્થાત્ અસત્ય - માત્ર ડોળ ઊભો કરનાર સાધર્મિકના સ્વરૂપને પણ રાજાએ રાજસભામાં માન આપ્યું, તો પછી તે રાજા - કુમારપાળ સાધર્મિકના સત્ય સ્વરૂપને માન આપે એમાં શું કહેવું ?

ઉપદેશમાળામાંય જણાવ્યું છે કે - 'વેષ ધર્મની રક્ષા કરનાર છે' ધર્મની રક્ષા કરનારો વેષ ધર્મીની પણ રક્ષા કરે, એમાં નવાઈ નથી. ગધેડો પણ જો સિંહનું ચામડુ ઓઢીને નીકળે તો બધાંય પ્રાણીઓ એનાથી ડરે એ સ્વાભાવિક છે.

હા, આના ઉપરથી એવું ન વિચારવું કે ન કરવું..... ચાલો, આપણે પણ માત્ર વેષધારણ કરીને બચી જઈશું - કર્મ તો પોતાનું ફળ આપે જ છે.



# ★ અનુમોદનાનો અમૃતથાળ ★★★

**સંકલન**

**અમદાવાદ - ટોળકનગર**

પૂજ્યપાદ ધર્મતીર્થ પ્રભાવક, સદ્ધર્મસંરક્ષક, પ્રચંડ સ્મરણશક્તિના સ્વામી **આ.ભ.શ્રીમદ્ વિજયમિત્રાનંદસૂરીશ્વરજી મહારાજની** સમાધિથી પાવન અને જીવંત ભૂમિ સમાન **'ધર્મતીર્થપ્રભાવક ધર્મોદ્યાન'**ના આંગણે તેઓશ્રીની વરસતી કૃપાના બળે;

વત્સલ્યવારિધિ, વર્ધમાનતપોનિધિ પૂજ્યપાદ આ.ભ. શ્રીમદ્ **વિજયનરચન્દ્રસૂરીશ્વરજી મહારાજ** તથા સૌજન્ય મૂર્તિ, પૂજ્ય આ.ભ.શ્રીમદ્ **વિજય કુલચન્દ્રસૂરીશ્વરજી મહારાજની** શુભનિશ્રામાં-

પર્વાધિરાજની આરાધનાબાદ પૂ.આ.ભ. શ્રીમદ્ વિજયહર્ષદર્શનસૂરીશ્વર મહારાજની સૂરિમંત્રપીઠિકાની આરાધના પૂર્ણાહુતિનો ઉત્સવ થયો. ત્યારબાદ ચાર રજત સહિત અગિયાર પ્રતિમાજીના નિર્માણનો અદ્ભુત પ્રસંગ થયો. માહોલ સુંદર જામ્યો. વાતાવરણ આરાધનામય બનવા લાગ્યું. કોરોનામાં જે નિષ્ક્રિયતા આવી હતી, ત્યાં સક્રિયતા ઊભી થઈ. પ્રભુભક્તિ-સંઘભક્તિ થઈ. આસો માસની શાશ્વતી ઓળી કરાવવાનો નિર્ણય લેવાયો.

શાસન સેવક શેઠશ્રી જયંતિલાલ આત્મારામ પરિવારના સુપુત્ર અશોકભાઈ, પુત્રવધૂ નંદિતાબહેને સંપૂર્ણ લાભ આપવાની માંગણી કરી... ગુરુભગવંતે તથા આરાધકો સહિત ટ્રસ્ટીગણે સંમતિ આપી. વ્યવસ્થાપકો-કાર્યકર્તાઓની કુશળતા, લાભાર્થીની ઉદારતાના યોગે લગભગ ૪૦૦ જેવી ઓળી થઈ. પૂર્ણિમાના દિવસે નવપદપૂજનનું આયોજન થયું. એમાં લાભાર્થી પરિવારે નવપદના વર્ણ અને ગુણ પ્રમાણે હીરા-માણેક-નીલમ-પન્ના વગેરે અર્પણ કરી આદર્શ ઊભો કર્યો. બાકીના આરાધકોએ હીરા તથા સુવર્ણ-રજતમુદ્રા દ્વારા નવપદની ભક્તિ કરી. તપસ્વીનાં પારણાં કરાવાયાં. લાભાર્થીની સાથે આરાધકોએ પણ ટીપ કરી દરેકનું બહુમાન કર્યું.

લાભાર્થી પરિવારનાં ભાણેજને આ માહોલ જોઈ આગળ કાંઈક લાભ લેવાની ભાવના જાગી. દિવાળીના છઠ્ઠકરવવાની અનુમતિ આપવામાં આવી.

**મૈસૂર(કર્ણાટક):** પૂ.આ.ભ.શ્રીમદ્ **વિજયભવ્યદર્શનસૂરીશ્વરજી મહારાજની** નિશ્રામાં કોરોનાના વાતાવરણમાં પણ આયંબિલ શાળા શરૂ થઈ ... ૧૩૫ જેટલી ઓળી થઈ. પ્રવચનો-પૂજાદિ ચાલું થઈ ગયેલ છે. દિવાળીના સમૂહ છઠ્ઠનું પારણાં સાથે આયોજન કરવામાં આવશે.

# કોણ, કોનાથી શોભે?

**श्रोत्रं श्रुतेनैव न कुण्डलेन,**

**दानेब पाणिर्न तु कङ्कणेन ।**

**विभाति कायः करुणापराणां,**

**परोपकारेण न चंदनेन ।।**

કાન જિનવાણી સાંભળવાથી શોભે છે, કુંડલથી નહીં. હાથ દાનથી શોભે છે, કંકણથી નહીં. કાયા દીન અનાથ જીવો પર પરોપકાર કરવાથી શોભે છે, ચંદન લગાવવાથી નહીં.